# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૪૭ તા.૨૭-૦૯-૨૦૨૪

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- નેશનલ ટોબેકો કંટ્રોલ પ્રોગ્રામ (NTCP) અંતર્ગત Tobacco Free Youth Campaign 2.0 (TFYC) સંદર્ભે કામગીરી કરવા બાબત.

સંદર્ભ :- હેલ્થ એપીડેમીક કચેરી,અ.મ્યુ.કો.ના ઈ.નં. ૧૫૪૯ તા.૨૦-૦૯-૨૦૨૪

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા Tobacco Free Youth Campaign 2.0નો તારીખ ૨૪ સપ્ટેમ્બર-૨૦૨૪ થી શુભારંભ કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ તારીખ ૨૪ સપ્ટેમ્બર-૨૦૨૪ થી તારીખ ૨૩ નવેમ્બર-૨૦૨૪ સુધી કુલ ૬૦ દિવસ ચાલનાર છે.

Tobacco Free Youth Campaign 2.0ના અસરકારક અમલીકરણ માટે શિક્ષણ વિભાગ દ્વારા સાયકલોથોન, મેરેથોન રેલી, ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, સોશીયલ મીડીયામાં પ્રચાર-પ્રસાર તથા 'તમાકુ મુકત શાળા બનાવવી' જેવી જુદી જુદી પ્રવૃત્તિઓ કરવા તેમજ આ સાથે સામેલ સંદર્ભિત પત્રમાં દર્શાવેલ સૂચના, માર્ગદર્શન, તમાકુ મુકત શૈક્ષણિક સંસ્થાનું બોર્ડ તેમજ પ્રાર્થના કાર્યક્રમમાં તમાકુ વિરોધી પ્રતિજ્ઞા લેવડાવવા આથી જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૨૭-૦૯-૨૦૨૪

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
મહાનગર સેવા સદન, (આરોગ્ય વિભાગ)
આરોગ્ય ભવન, પહેલો માળ, એસ.ટી.બસ સ્ટેન્ડ સામે, ગીતા મંદીર, અમદાવાદ.
E-mail : amc.epidemic@gmail.com

પ્રતિ,
ડે.મ્યુનિ.કમિશ્નરશ્રી,
સ્કુલ બોર્ડ,
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

હેલ્થ એપીડેમીક કચેરી
ઇન્વર્ડ નં. 1549
આવ્યા તા...../......./.......
રવાના તા. 20/09/2024

વિષય : નેશનલ ટોબેકો કંટ્રોલ પ્રોગ્રામ (NTCP) અંતર્ગત Tobacco Free Youth Campaign 2.0 (TFYC) અંતર્ગત કામગીરી કરવા બાબત

સંદર્ભ : ભારત સરકારશ્રીના સચિવશ્રીના પત્ર નં.Z ૨૧૦૨૦/૦૨/૨૦૨૩ –TC Part – (૪) , તા.૦૯/૦૯/૨૦૨૪

- સ્ટેટ નોડલ ઓફીસર અને અધિક નિયામકશ્રી (જા.આ.) તરફથી આવેલ પત્ર નં.એસ.ટી.સી.સી./NTCP/યુથ કેમ્પેઈન ૨.૦, તા.૧૯-૦૯-૨૦૨૪ ના અનુસંધાને

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પત્રના અનુસંધાને જણાવવાનું કે ભારત સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી દ્વારા તા.૨૪-૦૯-૨૦૨૪ના રોજ Tobacco Free Youth Campaign 2.0 નો શુભારંભ કરવામાં આવનાર છે. આ કેમ્પેઈન ૨૪ સપ્ટેમ્બરથી-૨૦૨૪ થી ૨૩- નવેમ્બર-૨૦૨૪ સુધી કુલ ૬૦દિવસ ચાલનાર છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા પણ તમાકુ નિયંત્રણ માટે પગલા લેવામાં આવે છે. The Cigarettes and other tobacco product act 2003 and related Rules & Regulation (COTPA) એક્ટ અમલમાં છે. ગુજરાત રાજ્યમાં તમાકુના ઉપયોગથી થતી મહામારી અટકાવવા અને રાજ્યમાં તમાકુ નિયંત્રણ અધિનિયમ ૨૦૦૩ના અમલીકરણ માટે ભારત સરકારશ્રીના સહયોગથી ગુજરાત રાજ્યમાં વર્ષ 2007-08 થી રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ ચલાવવામાં આવે છે. Tobacco Free Youth Campaign 2.0 ના સમયગાળા દરમિયાન ઓછામાં ઓછા ૧૬૦ જેટલા શૈક્ષણિક સંસ્થાઓને ToFEI અંતર્ગત આવરી લેવા માટે સૂચના આપવામાં આવેલ છે. Tobacco Free Youth Campaign 2.0 ના અસરકારક અમલીકરણ માટે શિક્ષણ વિભાગ દ્વારા જુદી જુદી પ્રવૃત્તિઓ જેવી કે સાયકલેથોન, મેરેથોન, રેલી, ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, સોશ્યલ મીડીયામાં પ્રચાર પ્રસાર તથા " **તમાકુ મુક્ત શાળા** " બનાવવી તથા તમાકુ વિરોધી પ્રતિજ્ઞા લેવડાવવી વિગેરે પ્રવૃત્તિઓનું આયોજન કરવાનું થાય છે.

સદરહુ બાબતો ધ્યાનમાં લઈ શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવેલ કામગીરીનો રીપોર્ટ અત્રેની કચેરીના E-mail : amc.epidemic@gmail.com ઉપર દૈનિક ધોરણે કરવા વિનંતી.

તા.૧૯-૦૯-૨૦૨૪

ડે.હેલ્થ ઓફીસર
(એપેડેમીક)

અધિક આરોગ્ય અધિકારી
(અ.મ્યુ.કો.)

ડે.મ્યુનિ.કમિશ્નર
(હેલ્થ & હોસ્પિટલ)

નકલ રવાના :

- શાસનાધિકારીશ્રી (સ્કુલ બોર્ડ), અ.મ્યુ.કો.
- આરોગ્ય અધિકારીશ્રી, અ.મ્યુ.કો.

બિડાણ :

- સંદર્ભિત પત્રની નકલ
- સ્કુલ બોર્ડ દ્વારા કરવાની થતી કામગીરીની વિગત
- તમાકુ વિરોધી પ્રતિજ્ઞાની નકલ

કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને
તબીબી શિક્ષણ અને સંશોધનની કચેરી,
બ્લોક નં. ૫ / ૨, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર - ૩૮૨ ૦૧૦, ગુજરાત.
ફોન નં.૦૭૯-૨૩૨૫૭૯૪૮ ફેક્સ નં.૨૩૨૫૪૫૪૪
Email: adph.gujarat@gmail.com
adir-hlt@gujarat.gov.in

સ્ટેટ નોડલ ઓફિસર (NTCP) અને
અધિક નિયામક (જાહેર આરોગ્ય)

ક્રમાંક –STCC/NTCP/યુથ કેમ્પેઇન ૨.૦/ /૨૦૨૪ Dt. /૦૯/૨૦૨૪

પ્રતિ,

- મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી અને નોડલ ઓફિસરશ્રી (ટોબેકો કંટ્રોલ), જીલ્લા પંચાયત, તમામ
- મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ, મ્યુનિસિપલ કોર્પોરેશન, તમામ

વિષય –નેશનલ ટોબેકો કન્ટ્રોલ પ્રોગ્રામ (NTCP) અંતર્ગત ૬૦ દિવસ માટે (૨૩ સપ્ટેમ્બર-૨૦૨૪ થી ૨૨ નવેમ્બર-૨૦૨૪ સુધી) Tobacco Free Youth Campaign 2.0 (TFYC) નું આયોજન કરવા બાબત

સંદર્ભ - (૧) ભારત સરકારશ્રીના સચિવશ્રી,ના પત્ર નં. Z21020/02/2023-TC Part-(4), Dt.9/9/2024

(૨) ભારત સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા તા.૦૨/૦૨/૨૦૨૪ ના રોજ એક વિડીયો કોન્ફરન્સમાં મળેલ સુચના અન્વયે

ગુજરાત રાજ્યમાં તમાકુના ઉપયોગથી થતી મહામારી અટકાવવા અને રાજ્યમાં તમાકુ નિયંત્રણ અધિનિયમ-૨૦૦૩ ના અમલીકરણ માટે ભારત સરકારશ્રીના સહયોગથી ગુજરાત રાજ્યમાં વર્ષ ૨૦૦૭-૦૮ થી રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ ચલાવવામાં આવે છે.

સંદર્ભ (૧) અન્વયે મળેલ સુચના પ્રમાણે Tobacco Free Youth Campaign 2.0 (TFYC) ના સમયગાળા દરમ્યાન ઓછામાં ઓછા ૩૦ આઇ.ઇ.સી. કેમ્પેઇન, ઓછામાં ઓછા ૧૬૦ જેટલા શૈક્ષણિક સંસ્થાઓને ToFEI અંતર્ગત આવરી લેવા, ઓછામાં ઓછા ૨૦ જેટલા ગામડાઓને તમાકુ મુકત કરવા તેમજ ઓછામાં ઓછા ૧૬ એન્ફોર્સમેન્ટ ડ્રાઇવનું આયોજન દરેક જીલ્લા / કોર્પોરેશનએ કરવાનું રહેશે. આ અન્વયે કરવામાં આવતી દરેક કામગીરીનું દૈનિક નિયમીત પણે MIS પોર્ટલમાં TYFC 2.0 ટેબમાં બિનચૂક રીપોર્ટીંગ કરવાનું રહેશે.

સંદર્ભ (૨) માં મળેલ સુચના અન્વયે ૬૦ દિવસ માટે (૨૩ સપ્ટેમ્બર-૨૦૨૪ થી ૨૨ નવેમ્બર-૨૦૨૪ સુધી) Tobacco Free Youth Campaign 2.0 (TFYC) નું આયોજન કરવા જણાવેલ છે. જેમાં જીલ્લા/કોર્પોરેશન કક્ષાએ ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટશ્રી / મ્યુનિસિપલ કમિશ્નરશ્રીના નેતૃત્વમાં અભિયાનનો પ્રારંભ કરાવવો તેમજ યુવા એન્ગેજમેન્ટ ઈવેન્ટનું આયોજન જેમકે મેરેથોન, સાયકલેથોન, રેલી વગેરેનું આયોજન કરવું, સમુદાયના નેતાઓ વગેરે દ્વારા ઝુંબેશનું સમર્થન જેવી કામગીરી કરાવવાની રહેશે. (વધુ વિગતો સાથેનું પત્રક તેમજ ભારત સરકારશ્રી દ્વારા મળેલ પત્ર અને પ્રેઝન્ટેશનની નકલ આ સાથે સામેલ રાખેલ છે.)

Scanned with OKEN Scanner

આમ, ઉપરોકત તમામ કામગીરી જીલ્લા તેમજ કોર્પોરેશન કક્ષાએ કરવાની રહેશે અને તેનો વિગતવાર અહેવાલ અત્રેની કચેરીને મોકલી આપવાનો રહેશે જેની ખાસ નોધ લેવી.

સ્ટેટ નોડલ ઓફિસર અને
અધિક નિયામક (જા.આ.)
આરોગ્ય, તબીબી સેવાઓ અને
તબીબી શિક્ષણ (આ.વિ.) ગાંધીનગર

બિડાણ –પત્રક તેમજ ભારત સરકારશ્રી દ્વારા મળેલ પત્ર અને પ્રેઝન્ટેશનની નકલ

નકલ સવિનય રવાના-

- માન.સચિવશ્રી અને કમિશ્નરશ્રી (આરોગ્ય) મજકુર કચેરી, ગાંધીનગર
- માન.મિશન ડાયરેકટરશ્રી (NHM), સિવિલ હોસ્પિટલ કેમ્પસ, સેકટર-૧૨, ગાંધીનગર
- માન.મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, તમામ
- માન.કલેકટરશ્રી, જીલ્લા કલેકટર કચેરી, તમામ

નકલ રવાના તથા જરૂરી કાર્યવાહી કરવા સારૂ –

- વિભાગીય નાયબ નિયામકશ્રી, આરોગ્ય સેવાઓની કચેરી, તમામ
- એપેડેમીક મેડીકલ ઓફિસરશ્રી, જીલ્લા પંચાયત / કોર્પોરેશન, તમામ

Scanned with OKEN Scanner

अपूर्व चन्द्रा, भा.प्र.से.
सचिव
APURVA CHANDRA, IAS
Secretary

सत्यमेव जयते

आज़ादी का अमृत महोत्सव

भारत सरकार
स्वास्थ्य एवं परिवार कल्याण विभाग
स्वास्थ्य एवं परिवार कल्याण मंत्रालय
Government of India
Department of Health and Family Welfare
Ministry of Health and Family Welfare

D.O. No. Z.21020/02/2023-TC-Part(4)
9th September, 2024

Dear Colleague

As you are aware, tobacco remains one of the leading causes of preventable diseases and deaths in India, resulting in 1.35 million deaths annually. Alarmingly, the age of initiation of tobacco in the country is very concerning with the earliest instances of initiation in some States as low as seven years.

2. To address this issue, the Ministry of Health and Family Welfare, Government of India, successfully launched a 60-day Tobacco Free Youth Campaign on 31st May 2023. The campaign aimed to raise awareness about the harmful effects of tobacco use, particularly among the youth. It was implemented across the country, with active participation and contributions from the States and UTs, which were instrumental in the campaign's success. The campaign focused on four key strategies: escalating public awareness of tobacco's harmful effects, enhancing compliance with Tobacco Free Educational Institutions (ToFEI), enforcing the Cigarettes and Other Tobacco Products Act (COTPA), 2003, and promoting Tobacco Free Villages.

3. Building on the success of last year's campaign, it is now proposed to launch **Tobacco Free Youth Campaign 2.0**, with an expanded scope to amplify the social media engagement. The campaign will be launched by the Hon'ble Union Minister of Health and Family Welfare on 24th September 2024 from 11:00 am to 12:30 pm.

4. A preparatory meeting with Nodal Officers of the National Tobacco Control Programme (NTCP) from all States and UTs was convened on 2nd September 2024 to finalize strategies, ensure seamless implementation, and establish protocols for data reporting, monitoring, and evaluation. The State Nodal Officers have already been briefed on the campaign's strategies and targets. These targets include conducting a minimum of 30 IEC campaigns per district, declaring at least 160 educational institutions per district as ToFEI compliant, declaring a minimum of 20 villages per district as tobacco-free, and conducting at least 16 enforcement drives per district. This year's campaign will also emphasize social media engagement to involve youth and protect children from tobacco industry interference, in line with the theme of World No Tobacco Day 2024. Enclosed are detailed strategies and suggested activities for the pre-campaign, launch, and campaign phases.

5. The campaign encourages inter-ministerial and inter-departmental coordination and support from partner organizations. States and Districts are required to implement the strategies, meet the assigned targets and report data daily on the

Room No. 156, A-Wing, Nirman Bhawan, New Delhi-110 011
Tele : (O) 011-23061863, 23063221, E-mail : secyhfw@nic.in

NTCP MIS portal under the tab, "TFYC 2.0," designed for campaign reporting. Key performance indicators are highlighted on the portal, and the best-performing States and UTs will be acknowledged and felicitated during the National Review Meeting based on their participation.

6. I shall be grateful if you could direct the concerned officers for their active participation and implementation of the outlined strategies in achieving the assigned targets for the success of the Tobacco Free Youth Campaign 2.0.

with regards,

Yours sincrely,

(Apurva Chandra)

Encl: As mentioned above.

**Chief Secretaries of All States/ UTs**

# ROLE OF EACH MINISTRY

### Health

- Letter from Hon'ble HFM to Health Ministers of State
- Letter to Chief Secretaries/Principal Secretaries of all States
- Inter-ministerial briefing/ coordination
- Virtual meeting with all State Health Secretaries and SNOs
- Launch and conduct of the campaign
- Press release and social media engagement
- Monitoring and evaluation of the campaign

### Education

- Letters to all schools and universities – for ToFEI compliance
- Dissemination of the video developed by MoHFW to all schools
- Amplify MoHFW's social media campaign in their respective social media handle

### Information and Broadcasting

- Directives to States for outreach activities and increasing the visibility of the campaign
- To explore celebrity endorsement for tobacco free youth campaign
- Amplify MoHFW's social media campaign in their respective social media handle
- Directives shall be sent to all PIB officers in the States for picking up stories from ground level/ States and highlight them in the news/ social media platforms
- Public service advertisements for the campaign duration (September – October) can be run in movie theatres
- Videos/ talk shows can be hosted in private channels - TVs as an obligation under public service broadcasting
- The educational videos which are released on the launch day can made available under Media unit platforms
- Articles – Editorials/ OpEds on harmful effects of tobacco and tobacco cessation in both National dailies and state dailies can be published
- In every State capital, State nodal officers can reach out to local PIB for organizing var talabs in tribal areas, which includes media coverage and can involve doctors

### Electronics & Information Tech

- Identifying social media influencers for awareness generation and amplifying the MoHFW's social media campaign
- Ensure better implementation of the PECA Act and monitoring of online sale of tobacco products
- Amplify MoHFW's social media campaign in their respective social media handle

# Strategy 2: ToFEI Compliance Activities
## State and District Level

- District Education Officer should have meeting with all Schools and District Nodal Officer
- 5-minute educational video developed by WHO shall be played in all Educational institutions
- "**No Tobacco Pledge**" in all Educational Institutions
- Designate a Teacher/Staff/Student as "**Tobacco Monitor**"
- Organize school **activities**: essay, painting, poster, quiz and debate competition on tobacco, discussion in school assemblies
- School **rallies, flash mobs**
- "**Yellow Line**" - Demarcation of EI to marking it tobacco free Organize **enforcement** drives within 100 yards of schools/universities
- **Self-declaration** form of **ToFEI Guidelines** and school report to DEO

પ્રોટોટાઇપ સાઇન બોર્ડ / વોલ પેઇન્ટ )

# તમાકુ મુક્ત શૈક્ષણિક સંસ્થા

આ શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજ્યામાં કોઇપણ પ્રકારની તમાકુ કે તમાકુની બનાવટોનું વેચાણ કરવું કાનૂની ગુન્હો બને છે. જેના ઉલ્લંઘન બદલ રૂ.૨૦૦/- સુધીનો દંડ થઇ શકે છે. COTPA 2003 (Sec 6 B)

કાયદાનો ભંગ થાય તેવી પરિસ્થિતિમાં સંપર્ક કરો.

નામ : ______________________________

હોદો : ______________________________

સંપર્ક નંબર : ______________________________

**આદેશ અનુસાર**

નેશનલ ટોલ ફ્રી ક્વીટલાઇન નં. : ૧૮૦૦-૧૧૨-૩૫૬

District Tobacco Control Cell ૧

Courtesy : Faith Foundation   Email : faithfoundationindia2010@gmail.com

------------------------ ૬૦ સી. એમ. ------------------------

# તમાકુ વિરોધી પ્રતિજ્ઞા

આથી હું પ્રતિજ્ઞા લઉં છું કે હું તમાકુ કે તમાકુની બનાવટનું આજીવન ક્યારેય પણ સેવન કરીશ નહીં તેમ જ હું મારા પરિવાર તથા સમાજમાં તમાકુનું સેવન કરતા લોકોને તમાકુ કે તમાકુની બનાવટનું સેવન ન કરવા માટે સમજાવીશ તેમજ તેમને વ્યસન મુક્ત થવા માટે મદદરૂપ બનીશ. હું તમાકુથી થતા શારીરિક, આર્થિક, સામાજિક અને પર્યાવરણના નુકસાનને અટકાવવા સતત કટિબંધ રહીશ.

જય હિન્દ...